**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં ડોટર્સ ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૨૭

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું ખૂબ જ મહત્વ છે તે સાથે પશ્ચિમી સંસ્કૃતિ અપનાવવાનું વલણ પણ આજના યુવાનોમાં છે. ફ્રેન્ડશીપ ડેથી લઈ ફાધર્સ ડે, મધર્સ ડે, બ્રધર્સ ડે અને હવે ડોટર્સ ડે પણ ઉજવાય છે. સપ્ટેમ્બર મહિનાના છેલ્લા રવિવારે વિશ્વ ડોટર્સ ડે ઉજવાય છે. આમ તો આ દિવસ પહેલા નોંધમાં નહોતો લેવાતો પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી સોશિયલ મીડિયાના વધતા જતા ક્રેઝને કારણે આ દિવસને વધુ મહત્વ અપાયું છે. એમ પણ દીકરીને ઘરની લક્ષ્મી મનાય છે અને બેટી બચાવોના ઘણા નારા થઈ ગયા છે ત્યારે દીકરી માટેના તો બધા દિવસ છે જ પણ આ દિવસનું ઈન્વેન્શન આરચીઝ લીમિટેડે દિકરી તરફના પ્રાઈડને એકસ્પ્રેસ કરવાના ઉદ્દેશયથી કરવામાં આવ્યું છે. આ દિવસનો નગરજનોએ પણ દીકરીઓને ડેડીકેટ કરીને ઉજવ્યો છે. લગભગ ૮૦ ટકા શહેરીજનોના વોટસએપ સ્ટેટસમાં પોતાની પુત્રીના તથા ફેમીલી ફોટોઝ મુકવામાં આવ્યા હતા તે સાથે સુંદર કેપ્શન પણ દરેક દ્વારા લખીને પોતાની દીકરી તરફનો પ્રેમ વ્યકત કરવામાં આવ્યો હતો તો અમુકે પોતાની સાસરે ગયેલી દીકરીના પણ મેમરી ફોટો શેર કર્યા હતા. આજના દિવસે જાણે સોશિયલ મીડિયામાં તમામને ડોટર્સ ડે હોવાની ખુશી હોય તેમ જણાઈ રહ્યું હતું સાથે ડોટર્સ ડે વિશની ભરમાર થઈ હતી. માતા અને પિતા તમામે આ દિવસ પોતાની દિકરીને સમર્પિત કરી કવોલિટી ટાઈમ પસાર કર્યો હતો. દૂર રહેતી દીકરીને વિડીયો કોલ દ્વારા વીશ કરી ઓનલાઈન વાતો કરવામાં આવી હતી. આ સાથે માતા-પિતાએ ફોટોઝ શેર કરી વોટસએપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા પોતપોતાની દિકરીની ઓળખાણ આપી હતી.



વર્ષાઋતુ ચાલી રહી છે અને પાછળના દિવસોમાં વરસાદ પડી ગયો હોવાથી કુદરતી વનસ્પતિ ઉગી નીકળી હતી જેના નિકાલ માટે મહાનગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.



શહેરના ચ-રોડ પાસે રાજસ્થાનથી પરિવાર રોજી રોટી મેળવવા અર્થે આવ્યો છે અને ફોલ્ડીંગ સ્ટૂલના વેચાણનો ધંધો કરી રહ્યો છે. પરંતુ કોરોનાને કારણે શહેરીજનોની જરૂરિયાતો ઘટી રહી છે અને બહાર હરવા ફરવાનું પણ સાવ બંધ કે ઓછું થઈ ગયું છે ત્યારે ફોલ્ડીંગ સ્ટૂલની ખરીદી પણ કોઈ કરી રહ્યું નથી.

# ગાયત્રી મંદિરે રકતદાન શિબિરમાં ૨૩ યુનિટસ રકત એકત્ર થયું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૧માં ગાયત્રી મંદિર ખાતે આજે સવારે ૯ થી ૧૨.૩૦ દરમિયાન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૩ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. આ રકતદાન શિબિરની શહેરના મેયર રીટાબેન પટેલ તથા મનપાના વોર્ડ નં.૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલે ઉપસ્થિત રહી રકતદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા કોવિડ-૧૯ મહામારીના સમયમાં બ્લડ બેન્કમાં સર્જાતી રકત પુરવઠાની અછત નિવારવા તથા



અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કિડની, બાયપાસ સર્જરી સહિતની અન્ય સર્જરીઓમાં જરુર પડી રહેલા રકત પુરવઠા અને થેલેસેમિયાથી પીડાતા અસંખ્ય બાળકોને જીંદગી સામેની લડતમાં મદદરુપ થવાના આશયથી આજે શહેરના સે-૧માં ગાયત્રી મંદિર ખાતે રકતદાન શિબિરનું આયોજન કર્યું હતું. જેમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટનો સહયોગ સાંપડયો હતો. આ કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા રેડક્રોસની અમદાવાદની બ્લડબેંક દ્વારા પુરી પાડવામાં આવી હતી. રકતદાતાઓને આ પ્રસંગે પ્રમાણપત્ર, રકતદાતા કાર્ડ ઉપરાંત ૫ માસ્ક, ૨ સેનેટાઈઝર બોટલ તથા સાબુ વગેરેની શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. તેમજ ચા-કોફી, નાળિયેર પાણી, સફરજન, બિસ્કિટ વગેરેની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. શિબિરમાં વી.એ. જોષી, શશિકાંત મોઢા, જીલુભા ધાંધલ, નિલેન્દુ વોરા સહિતના અગ્રણીઓ ઉપરાંત ગાયત્રી પરિવારના સ્વયંસેવકોએ સેવાઓ આપી હતી.

## મંગળવારે નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેવાભાવી આયુર્વેદિક ડૉકટર સ્વ. બળદેવસિંહજી વાઘેલાની પુણ્યતિથી નિમિત્તે રાજ આયુર્વેદ એજન્સી સેકટર-૨૯ ચીપ ટાઈપ શોપિંગ ખાતે તારીખ ૨૯/૯/૨૦ના રોજ સવારે ૧૦થી ૧ દરમ્યાન રોગ પ્રતિરોધક ઉકાળાનું તેમજ માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ વિતરણમાં કોરોના વોરિયર્સને પ્રાધાન્ય આપવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. રમેશચંદ્ર નેમચંદ શાહ, ઉ.વ. ૭૯, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભાવસાર રમીલાબેન પંકજભાઈ, ઉ.વ. ૬૧, પેથાપુર, ગાંધીનગર
- સ્વ. મેવાડા નટવરલાલ ધનજીભાઈ, ઉ.વ. ૭૧, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રાવળ અશોકભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૪૧, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર આતાજી મથુરજી, ઉ.વ. ૬૫, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ પરેશભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૪૯, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. જાદવ રઈબેન લક્ષ્મણજી, ઉ.વ. ૭૫, ધડકણ, તા. પ્રાંતિજ, સા.કાં.
- સ્વ. બારોટ લાલજીભાઈ પ્રતાપભાઈ, ઉ.વ. ૬૦, માણેકપુર, તા. માણસા
- સ્વ. રતનજી રામાજી ઠાકોર, ઉ.વ. ૬૦, સાણોદા, તા. દહેગામ



એકાત્મ માનવવાદ અને અંત્યોદયના પ્રણેતા પ્રખર રાષ્ટ્રવાદી પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા દીનદયાળજીને પુષ્પાંજલિ અર્પણ કરવાની સાથે માસ્ક વિતરણ તથા સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજય સરકારના પૂર્વ મંત્રી પ્રદેશ ઉપાધ્યક્ષ, પ્રદેશ મહિલા મોરચા મહામંત્રી જસુમતીબેન કોરાટ, મંત્રી વીણાબેન પ્રજાપતિ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, મહાનગર ઉપાધ્યક્ષ ભારતીબેન, મોરચાના મહામંત્રી ભાવનાબેન પાઠક, મોરચાના મહામંત્રી પ્રિયાબેન પટેલ, મિડિયા સેલના વિનોદભાઈ ઉદેચા, હિતેશભાઈ પાઠક, લાલભાઈ, જયંતિભાઈ ચૌહાણ, ભરતભાઈ માણીયા તથા મહાનગર મોરચાની મહિલા સભ્યો ઉપસ્થિત રહી હતી.

# ક-૭ થી ખ-૭ તરફ ફાટક પાસે મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલ ઝડપ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં ઘણા સમય બાદ ચેઈન સ્નેચર્સ ટોળકી સક્રિય થઈ છે. શહેરના ક-૭ થી ખ-૭ તરફ જતા માર્ગ પર ગતરોજ મોડી સાંજે સોનાના દોરાની ચીલ ઝડપ થવા પામી છે. રેલ્વે ફાટક પાસે એકટીવા પાછળ બેસી રહેલા મહિલાના ગળામાંથી સોનાની દોરો તોડી બાઈક સવાર અંધારામાં ફરાર થઈ ગયા હતા. સેકટર-૨૬ ખાતે મોટાભાઈને મળીને દંપતિ પોતાના ઘરે જઈ રહ્યું હતું, તે સમયે ઘટના બની હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી ચેઈન સ્નેચરોને પકડવા માટે સીસીટીવી ફુટેજ ને આધારે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ સરગાસણ વિસ્તારમાં દિવ્ય સંસ્કાર સીટી ખાતે રહેતા જયંતિભાઈ સોમાભાઈ પરમાર મુબારકપુર ગામે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. શનિવારના રોજ સાંજના સુમારે તેઓ પત્ની સાથે સેકટર-૨૬ ખાતે રહેતા તેમના મોટાભાઈને ઘરે મળવા માટે આવ્યા હતા.રાત્રીના પોણા આઠ વાગ્યાના સુમારે સે-૨૬ થી નીકળીને તેઓ ક-૭ પાસે એકટીવામાં પેટ્રોલ પુરાવા માટે ગયા હતા. ત્યારબાદ દંપતિ એકટીવા પર ક-૭ થી ખ-૭ તરફ જઈ રહ્યું હતું તે સમયે ફાટક નજીક એકટીવા ધીમુ પડતા પાછળથી અચાનક આવી ગયેલા બાઈક ચાલકે મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચી લીધો હતો. જેથી મહિલાએ હોહા કરતા બાઈક ચાલકે યુ ટર્ન મારીને બાઈક ક-૭ તરફ દોડાવી દીધુ હતું. જેથી એકટીવા લઈને પાછળ ગયા હતા, પંરતુ રાત્રીના અંધારામાં બાઈક ચાલક ચેઈન સ્નેચર્સ છું મંતર થઈ ગયા હતા. બાઈક ચાલકે મોં પર રૂમાલ બાંધીને રાખ્યો હતો અને શરીરે ગ્રે કલરની અડધી બાયની ટીશર્ટ અને વાદળી કલરનું પેન્ટ પહેર્યું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૪૫ હજારના સોનાના દોરાની ચીલઝડપ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો યુવક ઝડપાયો


ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૨૮ ખાતે આવેલી કોર્પોરેશન બેંકની બાજુમાં પાન પાર્લર નજીક હાલમાં ચાલી રહેલી આઈપીએલ ટી-૨૦ મેચ પર હેલ્લો બેટ નામની એપ્લીકેશનની મદદથી ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો એક યુવકને એલસીબી-૨ એ ઝડપી લીધો છે. પોલીસે એક મોબાઈલ ફોન તપાસ અર્થે કબ્જે કરી બે યુવકો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સહિત જવાનો પેટ્રોલીગમાં હતા. તે સમયે સાથે રહેલા એએસઆઈ હરદેવસિંહ દલપતસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે સેકટર-૨૮ કોર્નર પર આવેલી કોર્પોરેશન બેંકની બાજુમાં પાનના ગલ્લા પર એક યુવક ચાલી રહેલી મેચ પર મોબાઈલમાં હેલ્લો બેટ એપ્લીકેશન પર ઓનલાઈન સટ્ટો રમે છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને રેઈડ કરીને સેકટર-૨૮ ખાતે રહેતા યુવક સચિન બાબુભાઈ મોદી ને ઝડપી પાડ્યો હતો.પોલીસે યુવકનો વીવો-૧૫ પ્રો મોબાઈલ લઈ તેની પુછપરછ કરતા યુવકે કોલવડા ગામે રહેતા સુનિલ પટેલ મદદથી મોબાઈલમાં હેલ્લો બેટ એપ્લીકેશનનું લોગઈન આઈડી મેળવી તે આઈપીએલની મેચ પર ઓનલાઈન સટ્ટો રમતો હતો. પોલીસે રૂ.૧૦ હજારનો મોબાઈલ ફોન તપાસ માટે કબ્જે કરી બે યુવકો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# નવરાત્રીમાં ગરબાને મંજૂરી કોરોના સંક્રમણ માટે મોકળું મેદાન બની શકે...!!

## નવરાત્રીમાં ગરબે ઘુમવા થનગનતા ખેલૈયાઓથી માંડી કલાકારો અને સંકળાયેલા ધંધાર્થીઓ ગરબા માટે મંજુરી ઝંખી રહ્યા છે : સતત વધતી જતી કોરોના દર્દીઓની સંખ્યા સરકારને મંજૂરી આપતા રોકી રહી છે અને શ્રધ્ધાળુઓ અવઢવમાં છે




ગાંધીનગર, તા.૨૭

'નવલી નવરાત્રીના આગમન આડે ગણતરીના દિવસો બાકી', 'નોરતામાં ગરબો ઘુમવા યુવા ખેલૈયાઓમાં થનગનાટ', 'નવરાત્રીમાં ઢોલીડાના ઢોલ ઢબુકયા'.... આ પ્રકારની સમાચારની હેડલાઈનો આ વર્ષે કદાચ વાંચવા નહીં મળે તેવી સ્થિતિ કોરોના મહામારીના કારણે સર્જાવા પામી છે. એક તરફ ગુજરાતીઓના સૌથી પ્રિય તહેવાર નવરાત્રીમાં મન મુકીને ગરબે ઘુમવાનો શોખ ધરાવતા બાળકોથી માંડીને યુવાનો, મહિલાઓ, વડીલો સહિતના તમામ ખેલૈયાઓ ઉપરાંત નવરાત્રીના કારણે ધીકતો ધંધો કરી આખા વર્ષની કમાણી કરી લેતા કલાકારોથી માંડીને વિવિધ વ્યવસાયિકો નવરાત્રી માટે સરકાર પરવાનગી આપે તેવું ઈચ્છી રહ્યા છે. બીજી તરફ કોરોના મહામારીના સતત વધતા જતા કેસોની સંખ્યાને કારણે પેટા ચુંટણીઓ આવી રહી હોવાથી જનમાનસને નિરાશ નહી કરવાની વૃત્તિ ધરાવતી હોવા છતાં 'ફિકસ'માં મુકાઈ ગયેલી સરકાર અને વધતી મહામારીથી ચિંતિત નાગરિકોનો મોટો વર્ગ છે જે ઈચ્છે કે કોરોના વાયરસ સંક્રમણનું જોખમ હોવાથી નવરાત્રીની મંજૂરી આપવી ના જોઈએ. આ સ્થિતિમાં નવરાત્રીના આધ્યાત્મિક મહત્વને સમજતો અને આ પર્વ દરમિયાન શકિતની ઉપાસના-આરાધના સહિત પરંપરા મહત્વ જળવાઈ રહે તેવું ઈચ્છતો શ્રધ્ધાળુ અવઢવમાં મુકાયો છે. જેના મનમાં છે કે ભલે રાસ ગરબા ના રમાય પરંતુ માતાજીની આરતી-અનુષ્ઠાન તો અટકવાં ના જોઈએ.

'નવરાત્રી' શબ્દ સાંભળતા જ ગુજરાતીના મનમાં એક ઉત્સાહનો સંચાર થવા લાગે તેટલી હદે વિશ્વભરમાં ગુજરાતની ઓળખ બની ગયેલું આદ્યશકિતની આરાધનાનું પર્વ આસો માસની નવરાત્રી ઉજવવાની સરકારે મંજૂરી આપવી જોઈએ કે ના આપવી જોઈએ તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ખૂબ મતમતાંતર પ્રગટ થઈ રહ્યા છે. એક તરફ 'નવરાત્રી' જેમના માટે આખા વર્ષની કમાણીનું સાધન છે તેવા ગરબા ગાયકો સહિત સંગીત વાદ્યવૃંદો વગેરે દ્વારા નવરાત્રી યોજવા માંગ કરવામાં આવી રહી છે. બીજી તરફ નવરાત્રી જેમના ધંધા રોજગાર માટે 'સીઝન' છે તેવા સાઉન્ડ, લાઈટ, મંડપ ડેકોરેશન, ફોટો-વિડિયોગ્રાફી, ટ્રેડિશનલ ડ્રેસીંગ્સ, ઓર્નામેન્ટસ, પૂજાપો-પ્રસાદ વગેરે ઉપરાંત ખાણી-પીણી સહિત પ્રિન્ટિંગ પ્રેસથી માંડીને પેટ્રોલપંપ સુધીના અઢળક વેપાર ધંધામાં છેલ્લા સાતેક માસથી કોરોનાને કારણે મંદીનું ગ્રહણ છે તે નવરાત્રીથી દૂર થાય તેવું ઈચ્છી રહ્યા છે. આમ જુઓ તો પ્રાચીન કાળથી ધાર્મિક ઉત્સવો-પર્વો કે સામાજિક મેળાવડાં અને જાહેર ઉજવણીઓ 'અર્થકારણ' સાથે સંકળાયેલા છે અને અગાઉના સમયમાં તો મંદીના સમયમાં નાગરિકોની આજીવિકા અટકી ના પડે તે હેતુથી રાજવીઓ દ્વારા પોતાના રાજમાં વિવિધ ઉજવણી, ઉત્સવ, મેળા કે પ્રતિયોગિતાઓના આયોજનો હાથ ધરવામાં આવતા હતા અને આ પરંપરા છેક 'વાઈબ્રન્ટ નવરાત્રી' મહોત્સવ સુધી ઉપયોગી સાબિત થયેલી છે. નવરાત્રી માટે મંજુરી અપાય તેવું ઈચ્છતો વર્ગ અનલોકમાં હવે લગભગ બધું જ શરૂ થઈ ગયું છે, રોજ બજારમાં ભીડ જામે છે તો એકલી નવરાત્રી કેમ નડે છે? રાજકીય પક્ષો રેલીઓ કરે રાખે છે તેનું કાંઈ નહીં? નવરાત્રીથી 'હર્ડ ઈમ્યુનિટી' સારી રીતે ડેવલપ થઈ શકશે, નવરાત્રી ગુજરાતની વૈશ્વિક ઓળખ છે, કયાં સુધી કોરોના કોરોના કરીને બેસી રહીશું? જેવી અસંખ્ય દલીલો રજૂ કરી રહ્યા છે અરે, કલાકાર અધિકાર આંદોલન સમિતિ જેવા નામથી કોઈ ચેસ્ટ ફિઝિશયન ડૉ. મહેન્દ્ર ભટ્ટ દ્વારા 'ગરબા રમવાથી રોગ પ્રતિકારકશકિતમાં વધારો થાય છે' તેવી દલીલો સાથેનો એક મેસેજ સોશિયલ મિડીયા પર નવરાત્રીની મંજૂરીની તરફેણમાં વાઈરલ થયો છે અને આ પ્રકારના અન્ય સંદેશાઓ પણ ફરી રહ્યા છે.



આ લખાય છે ત્યાં સુધીમાં ભારતમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો આંકડો ૬૦ લાખને અને ગુજરાતમાં ૧.૩૨ લાખ સુધી પહોંચ્યો છે. તાજેતરમાં કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને પોતે સ્વીકાર્યુ છે કે ભારતમાં હર્ડ ઈમ્યુનિટી ડેવલપ થતાં હજુ વાર લાગશે. નીતિ આયોગના સભ્ય ડૉ. વી.કે. પોલના મત મુજબ ભારતમાં ૧ અબજ નાગરિકો કોરોના સંક્રમિત થઈ શકે છે, મતલબ કે દેશની ૮૫ ટકા જેટલી વસ્તીને કોરોનાનો ચેપ લાગવાની શકયતા છે. તેમના મતે કોઈ પણ વાયરસને રોકી શકાય નહી પરંતુ ચોકકસ નિયમોનું પાલન કરી તેને નિયંત્રિત કરી શકાય. ગુજરાત સરકારે પણ વાઈબ્રન્ટ નવરાત્રી યોજવાનું મુલત્વી રાખ્યું છે. અને રાજયના મોટાભાગના ખાનગી પાર્ટી પ્લોટના ગરબા આયોજકોએ પણ આ વર્ષે નવરાત્રીના આયોજનનો વિચાર માંડી વાળ્યો છે. જો કે આ નિર્ણય પાછળ અર્થતંત્રમાં પ્રવર્તી રહેલ મંદીના કારણે સ્પોન્સરશીપ મળવામાં પડી રહેલા ફાંફા પણ જવાબદાર છે. સૌને ખબર છે કે નવરાત્રીમાં ગરબા રમનારના શરીરમાં ભલે ગરમી પેદા થતી હોય પરંતુ ગરબા જોવા માટે પણ જામતી ભીડનું શું? જયાં એકબીજાના શ્વાસોશ્વાસ અથડાતા હોય ત્યાં સોશ્યલ ડિસ્ટન્સ કેવી રીતે શકય બને? વળી, કોરોના વાયરસનો ચેપ આજે લાગે પરંતુ તેની ખબર દર્દીને અઠવાડિયા દસ દિવસ પછી પડે છે. કોરોનાથી બાળકને બચાવવા સ્કૂલોને પણ બંધ રાખવામાં આવી છે ત્યારે નવરાત્રીમાં થતી ભીડથી બાળકોને સંક્રમિત થતાં કેવી રીતે અટકાવી શકાશે? મુંબઈની દહીં હાંડી હોય કે અમદાવાદની રથયાત્રા કે પછી મહોરમનું જુલુસ હોય આ બધું આવા કારણોસર જ બંધ રખાયું હતું અને હવે તો જયારે ખાનગી પાર્ટી પ્લોટના ગરબા ના યોજાવાના હોય તો શેરી ગરબામાં ભીડ કેટલી વધી શકે?

નવરાત્રી નવદુર્ગાની આરાધનાનું પર્વ છે જેમાં તન અને મનની પવિત્રતા ખૂબ જરૂરી છે તેવું જણાવતા ગાંધીનગરના પંચદેવ મંદિરના ધર્માચાર્ય શાસ્ત્રી ફુલશંકર મહારાજ જણાવે છે કે નવરાત્રીમાં શ્રધ્ધાળુઓએ પોતાની બુધ્ધિ, શકિત અને શ્રધ્ધા મુજબ જપ-તપ-ઉપવાસ અનુષ્ઠાન કે ચંડીપાઠ કરવા જોઈએ. જયાં માંડવળીનું સ્થાપન દર વર્ષે થતું હોય ત્યાં ભલે સ્થાપન કરાય પરંતુ દીવો કરી, ગરબો મુકી, સોશ્યલ ડિસ્ટન્સ સાથે આરતી કરી છુટાં પડવું જોઈએ. તેમના મતે 'કોરોના તો ભકિત માટે પ્રેરણા આપતું પર્વ સમાન જણાય છે જેણે માનવીને સાચી દિશા દેખાડી છે.' આમ પણ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ નકોરડા ઉપવાસ સાથે શકિતની આરાધના કરીને નવરાત્રી ઉજવે છે ને, તેઓ કયાં ગરબા રમવા જાય છે? નવરાત્રીમાં ગરબાની મંજૂરી કયાંક કોરોનાને ખુલ્લું આમંત્રણ ના બની જા...!!

-પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com